મનનું માન્યું તો મર્યા જ સમજો, મનને માર્યું તો તર્યા જ સમજો
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૪ | ૧૩ ઓક્ટોબર, ૨૦૧૨, શનિવાર; નિજ ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સંગત – ૨૦૧૨ની રંગબેરંગી તસવીરો....







## એક લાખ રૂપિયાનો શંકાસ્પદ ઉપાડ જણાય તો તાત્કાલિક તંત્રનું ધ્યાન દોરવા બેંકોને તાકીદ

ગાંધીનગર, તા. ૧૨

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને લક્ષમાં રાખી કોઈપણ ખાતામાંથી રૂ. એક લાખથી વધુ રકમનો શંકાસ્પદ ઉપાડ થાય તો તાત્કાલિક તે અંગેની જાણ જિલ્લા તંત્રને કરવા માટે આજે જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે બેંકર્સ સાથે યોજેલી બેઠક દરમ્યાન જણાવ્યું હતું.

જિલ્લામાં આવેલી ૩૦ થી પણ વધુ બેંકોના પ્રતિનિધિઓ સાથે ખર્ચ નિયંત્રણ અંગે પંચે અમલી બનાવેલી આચારસંહિતાને લઈ માર્ગદર્શન આપવા આજે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરકારી ખાતા સિવાય રૂ. દસ લાખનો ઉપાડ થતો હોય તો તેવા કિસ્સામાં પણ તાત્કાલિક જાણ કરવાની રહેશે તેમ પણ તેમણે આ પ્રતિનિધિઓને જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રીએ ઉમેદવારોને બેંક ખાતુ ખોલાવવુ ફરજિયાત હોવાથી ઉમેદવારોના ખાતા ખોલવા માટે તેમજ ચેકબુકસની સુવિધા આપવા પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારોનો સમાવેશ થતો હોઈ તેમણે પંચ દ્વારા ખર્ચ નિયંત્રણ માટે લેવામાં આવેલા વિવિધ પગલાંઓની જાણકારી આપ્યા બાદ બેંકોના એ.ટી.એમ. સેન્ટરોમાં પણ મતદાર જાગૃતિના સ્લોગન લગાવવા, મતદાર નોંધણી માટે ક્યાં ક્યાં સંપર્ક કરી શકાય તેની વિગતો દર્શાવતા પોષ્ટર લગાવવા પણ જણાવ્યું હતું.

તેમણે મતદાર જાગૃતિ અભિયાનના આયોજનની વિગતો આપી જણાવ્યું હતું કે જિલ્લામાં બેંકોની ૩૦૦ જેટલી શાખાઓ કાર્યરત છે ત્યારે બેંકો લોકશાહીના આ પર્વમાં સક્રિય સહયોગ આપે તેવી અપીલ પણ કરી હતી.



ખ્યાત અને સફળ ફિલ્મ 'કેવી રીતે જઈશ'ના યુવા નિર્દેશક અભિષેક જૈન શુક્રવારે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. સંગત-૨૦૧૨ના સમાપન સમારોહ અંતર્ગત એમણે પોતાની સર્જનાત્મક સ્ટાઈલમાં યુવા વિદ્યાર્થીઓ સાથે વાત કરી હતી. (તસવીર : દિપક જાની)

# નાયબ ચૂંટણી કમિશનરશ્રી ઝુત્સી ગુજરાત આવે છે

### બે દિવસના પ્રવાસ દરમ્યાન પોલીસ અને કલેક્ટરો સાથે અલગ અલગ બેઠકો યોજી સર્વગ્રાહી સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતની વિધાનસભા ચૂંટણીના ઈન્ચાર્જ અને નયાબ ચૂંટણી કમિશનર શ્રી વિનોદ ઝુત્સી આગામી ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થયા બાદ તેઓ પ્રથમવાર ગુજરાત આવી રહ્યા છે. જો કે ચૂંટણીઓ જાહેર થયા બાદ પંચના બે ઉચ્ચ અધિકારીઓ ગુજરાત આવ્યા હતા.

શ્રી ઝુત્સી તા. ૧૫મીએ અમદાવાદ આવી પહોંચશે. આ જ દિવસે તેઓ સવારે ચૂંટણી અધિકારી શ્રીમતિ કરવાલ સાથે બેઠક કર્યા બાદ આજ દિવસે તમામ જિલ્લા કલેક્ટરોની બોલાવેલી બેઠકમાં હાજરી આપશે.

તેઓ જિલ્લા કલેક્ટરો પાસેથી તંત્રએ કરેલી તૈયારીઓ અંગેની વિગતો મેળવશે એટલુ જ નહિ પણ મતદારયાદીની પૂરવણી યાદી તૈયાર કરવા માટેની થયેલી કાર્યવાહી વિશેની વિગતો પણ મેળવશે. શ્રી ઝુત્સી તંત્રની તૈયારીઓ અંગેની સર્વાગ્રાહી સમીક્ષા કરશે એટલુ જ નહિ પરંતુ આચારસંહિતાના અમલીકરણને લઈ અને ખર્ચ નિયંત્રણના નવા નિયમો વિશે પણ માર્ગદર્શન આપશે.

તેઓ આજ દિવસે જિલ્લા પોલીસવડા અને રાજયના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક કરી ન્યાયી ચૂંટણી માટે વધારાના કેટલા ફોર્સની જરૂરિયાત રહેશે તેની જાણકારી મેળવશે. આ ઉપરાંત વનરેબલ મતદાન મથકો માટેની સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર

## શેરથા નજીકથી મુખ્યમંત્રીની તસવીરના બે હોર્ડિંગ્સની ફરિયાદ મળતાં તંત્ર દોડ્યું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના શેરથા નજીક મુખ્યમંત્રીશ્રીની વિકાસયાત્રાના હોર્ડિંગ્સ લાગેલા હોવાની ફરિયાદ આજે તંત્રને મળતાં જ તંત્ર દોડતુ થયું હતું.

મળતી વિગતો મુજબ તંત્રના અધિકારીઓ ત્યાં પહોંચ્યા ત્યારે બે જેટલા હોર્ડિંગ્સ જણાઈ આવતાં જ તેને તાત્કાલિક દૂર કરવામાં આવ્યા હતા. જિલ્લામાં અત્યાર સુધીમાં ભીંતસૂત્રો, હોર્ડિંગ્સ, બેનર સહિત અન્ય સાહિત્ય ૨૫૦૦થી પણ વધુ દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લા આચારસંહિતાના નોડલ ઓફિસર શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ કેટલીક સરકારી કચેરીઓમાં હજી પણ ફોટોગ્રાફસ સાથે કેલેન્ડર અને અન્ય સાહિત્ય હોય

● અનુસંધાન પાન-૭ પર
















